ડાયરેક્ટ ❤ સે

ગરીબી
ખસેડાઈ રહી છે
શહેરમાં
નક્કી
કોઈ અમીર
આવી રહ્યું છે

જન્મદિને વધામણી

સૌમ્ય ભાવિન પટેલ

અમિતા વાઘેલા છત્રાલા
મો. ૯૯૦૯૧ ૫૯૧૫૧

સતિશ પ્રજાપતિ

હરેશ કે માજીરાણા
મો. ૯૪૨૮૩ ૫૦૫૭૬

બ્રહ્માકુમારીઝ, માઉન્ટ આબુ ખાતે

ગાંધીનગરના કલાકારોએ કલાનાં ઓજસ પાથર્યાં

ગાંધીનગરની જાણીતી કલા સંસ્થા ધ ગ્રેટ ઍન્ટરટેઈનર્સ ક્લબ અને બ્લ્યૂ બબલ્સ ઍકેડેમી ઑફ આર્ટ્સના કલાકારોએ માઉન્ટ આબુ સ્થિત બ્રહ્માકુમારીઝ કેન્દ્ર ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરી નગર અને રાજ્યનું નામ રોશન કર્યું છે. પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય મુખ્ય મથક, માઉન્ટ આબુ ખાતે 'રાજનીતિ મેં આધ્યાત્મિકતા' વિષયે એક શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં દેશભરના રાજકીય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ૮થી ૧૧ સપ્ટેમ્બર દરમિયાન આયોજિત આ શિબિરના ઉદ્‌ઘાટન પ્રસંગે નગરનાં કલાકાર કુ. રિયા નિમાવત અને દિપલ પરમારે ભરતનાટ્યમ અને કથ્થકનું સંમિશ્રણ કરી સુંદર સ્વાગત નૃત્યની રજૂઆત કરી હતી. ત્યારબાદ રાત્રિના સમયે સાંસ્કૃતિક કાર્યક્રમ અંતર્ગત ૨૦ જેટલા કલાકારોએ ગણેશ વંદના નૃત્ય, દેશભક્તિ નૃત્ય, ગાયન, વેસ્ટર્ન ડાન્સ અને સંગીત નાટક 'મા તુજે સલામ'નું પ્રશંસનીય પ્રદર્શન કર્યું હતું. 'દેશ રંગીલા' શિર્ષક હેઠળ આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમના અંતે બ્રહ્માકુમારી પૂ. ઉષાદીદી (નેશનલ સંયોજક, પૉલિટીકલ વિંગ) દ્વારા સર્વ કલાકારોને આશીર્વચન પાઠવવામાં આવ્યા હતા. ઉપસ્થિત સૌ પ્રેક્ષકોએ આ સાંસ્કૃતિક કાર્યક્રમને ખૂબ ઉમળકાથી વધાવી લીધો હતો. સમગ્ર વાતાવરણ દેશભક્તિમય બની ગયું હતું. આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં રીયા નિમાવત, હરસિદ્ધિ જાની, કૃપા આહિર, દિપલ પરમાર, ઝરણા કડિયા, પૂજા શાહ, વૃત્તિ આહિર, હેતલ પ્રજાપતિ, મનીષભાઈ ખત્રી સાગર દેસાઈ, હિમાંગ દવે, રોનક કડીયા, નિકુંજ મિસ્ત્રી, મૌન સાધુ, મીરાજ મશરૂવાલા, નિલેષ પ્રજાપતિ, નીકિતા પરમાર સંસ્થાના ડિરેક્ટર કશ્યપ નિમાવતની આગેવાનીમાં સાજેદાર બન્યાં હતાં.

શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ ખાતે રાષ્ટ્રીય પોષણ સપ્તાહની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૩

શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજના હોમ સાયન્સ વિભાગ દ્વારા રાષ્ટ્રીય પોષણ સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી.

કૉલેજમાં તજ્જ્ઞ વ્યાખ્યાન, વાનગી સ્પર્ધા, પોસ્ટર પ્રદર્શન અને સ્લમ એરિયામાં પૌષ્ટિક આહારનું વિતરણ કરવામાં આવ્યું હતું. તજ્જ્ઞ વ્યાખ્યાન અંતર્ગત ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલસચિવ ડૉ. કમલામણી રાવ દ્વારા વિદ્યાર્થીનીઓને એનીમીયાના રોગ અને તેના નિવારણ વિશે રસપ્રદ માહિતી આપવામાં આવી હતી.

કૉલેજની ભૂતપૂર્વ વિદ્યાર્થીની પૂનમ બ્રહ્મભટ્ટ જે હાલ ડાયટીશિયન તરીકે યુ ઍન મહેતા હૉસ્પિટલમાં સેવારત છે તેમણે વિદ્યાર્થીનીઓને ડાયટીશિયન તરીકેના કાર્યભાર, જવાબદારી અંગે સંપૂર્ણ માહિતી આપી હતી. કૉલેજમાં કઠોળ વિષય અંતર્ગત વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વાનગી સ્પર્ધાના નિર્ણાયક તરીકે પ્રા. કલ્યાણીબેન વૈષ્ણવે સેવા આપી હતી. વાનગી સ્પર્ધામાં પ્રથમ ક્રમે સેજલ દંતાણી, ભાગ્યશ્રી નાયી, જીલ અટોદરા અને નિધિ પટેલ અનુક્રમે વિજેતા બન્યાં હતાં. આચાર્ય ડૉ. ઉર્મિલાબેન ચૌધરીના હસ્તે વિજેતા વિદ્યાર્થીનીઓને ઈનામ તથા પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. પોષણ સપ્તાહ અંતર્ગત કૉલેજમાં આહાર અને પોષણ વિષયે પોસ્ટર પ્રદર્શન અને સ્લમ એરિયામાં પૌષ્ટિક આહારનું વિતરણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન હોમ સાયન્સ વિભાગનાં અધ્યક્ષ પ્રા. પ્રતિમા છનિયારા અને હોમ સાયન્સ વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું.

જિલ્લાના ખેલ મહાકુંભમાં ઍસઍસવી કૅમ્પસ ઝળક્યું

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લા રમતગમત અધિકારી કેચરી દ્વારા ખેલ મહાકુંભ અંતર્ગત જિલ્લાકક્ષાની વિવિધ રમતો યોજાઈ હતી, જેમાં અલગ અલગ સ્કૂલના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ગાંધીનગરના સૅક્ટર-૩ ખાતે કાર્યરત ઍસઍસવી કૅમ્પસના વિદ્યાર્થીઓ પણ આ રમતોમાં સામેલ થયા હતા અને તેમણે ઉજ્જવળ પરિણામો મેળવ્યાં હતાં.

અન્ડર-૧૭ ચૅસ સ્પર્ધામાં કૃપા કે કામાણી પ્રથમ, સ્કેટિંગ સ્પર્ધામાં ઈશુ ગોસ્વામી પ્રથમ, રસ્સાખેંચમાં ભાઈઓની ટીમ તૃતિય, બહેનોની ટીમ દ્વિતિય અને વૉલીબૉલ સ્પર્ધામાં તૃતિય સ્થાન મેળવી ઈનામો મેળવવા હકદાર બન્યાં હતાં. આ વિદ્યાર્થીઓની પસંદગી રાજ્યકક્ષાની ટીમ માટે થઈ હતી.

શાળાના ટ્રસ્ટીગણ અને પ્રિન્સિપાલ દ્વારા સમગ્ર શાળા પરિવાર વતી આ વિજેતા વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના ઉપક્રમે

પ્રેરણા વિદ્યાલય ખાતે કર્મકાંડનો અભ્યાસક્રમ

ગાંધીનગર, તા. ૧૩

સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી દ્વારા ચાલતા એક વર્ષનાં ડીપ્લોમાં ઈન કર્મકાંડનો અભ્યાસક્રમ પ્રેરણા વિદ્યાલય સેકટર-૫એ ખાતે તા.૧૦-૦૯-૨૦૧૭ થી પ્રારંભ કરવામાં આવેલ છે.

આ અભ્યાસક્રમ ગુજરાત રાજ્યની ખ્યાતનામ અને વિદ્વાન ફેકલ્ટી ધરાવતી ભાગવત વિદ્યાપીઠનાં આચાર્યો દ્વારા ભણાવવામાં આવશે.

ગાંધીનગરનાં આંગણે જીજ્ઞાસુઓને આ વિષયનું ઊંડાણપૂર્વકનું શિક્ષણ પ્રાપ્ત થાય તેવા આશય અને જનકલ્યાણની ભાવનાથી પ્રારંભ કરવા માટે એસન્ટ એન્વાયરોમેન્ટ એન્ડ હેલ્થ મેનેજમેન્ટ સીસ્ટમનાં ફાઉન્ડર અને આ કોર્ષનાં કોર્ડિનેટર શ્રી જગદીશ મહેતા કે જેઓ પર્યાવરણ વિજ્ઞાન, નેચરોપેથી, સાયકોલોજીકલ કાઉન્સેલીંગ તથા જ્યોતિષ અને વાસ્તુશાસ્ત્રનાં તજ્જ્ઞ છે અને આ બાબતોની સામાજીક સેવાકિય પ્રવૃત્તિ સાથે સંકળાયેલા છે તથા તેમના પિતાશ્રી રામશંકર મહેતાનાં આર્શિવાદથી અને ભાગવત વિદ્યાપીઠ, સોલા તથા પ્રેરણા વિદ્યાલયનાં સાથ સહકારથી આ વર્ષથી ગાંધીનગર ખાતે શરૂ કરવામાં આવેલ છે જેમાં હાલ ૧૭ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવેલ છે, અન્ય માટે પ્રવેશ ચાલુ છે. આ કોર્ષ દર રવિવારે સવારે ૧૦ થી ૧ દરમ્યાન ચલાવવામાં આવશે.

અભ્યાસક્રમનાં પ્રથમ દિવસે શહેરના પંચદેવ મંદિરનાં પ્રાતઃવંદનીય ગુરૂજીશ્રી ફુલશંકર શાસ્ત્રીજી, ભાગવત વિદ્યાપીઠનાં શ્રી મુકેશ ગુરૂજી, પ્રેરણા વિદ્યાલયનાં ટ્રસ્ટ્રીશ્રી પ્રદિપસિંહ બિહોલા, શ્રી આર.એમ.પટેલ તથા ૯૨ વર્ષની ઉંમરે પાઠ-પુજામય અને નિરામય જીવન ધરાવતા શ્રી રામશંકરદાદા દ્વારા દિપ પ્રાગટય કરી મા સરસ્વતિની વંદના સાથે આ અભ્યાસક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ઉપરોક્ત સૌ વડીલોએ આ અભ્યાસક્રમનું મહત્વ સમજાવી આર્શિવચન આપ્યાં. આ પ્રસંગે શ્રી આકાશ પંડયા સહિત સર્વે વિદ્યાર્થી મિત્રો, પ્રિન્સિપાલ શ્રી મનીષ ખત્રી તથા પ્રેરણા વિદ્યાલયનાં તમામ સ્ટાફ – મિત્રો હાજર રહી પોતાનું યોગદાન આપ્યું.

આ અંગે વધુ માહિતી આ અભ્યાસક્રમનાં ગાંધીનગર ખાતેના કોર્ડીનેટર શ્રી જગદીશ મહેતા (૯૮૨૪૨-૨૮૪૭૭) તથા શ્રી પ્રદિપસિંહ બિહોલા (૯૮૨૫૮-૧૫૬૩૧) પાસેથી મળી શકશે.

ગાંધીનગર સાહિત્યસભામાં ખ્યાત બાર કવિઓની ધમાકેદાર મહેફિલ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર સાહિત્યસભા ગુજરાતી સાહિત્યના પ્રચાર-પ્રસાર્‌ર્થે છેલ્લાં બાવીસ વર્ષથી કાર્યરત છે. સાહિત્યસભાના અધ્યક્ષસ્થાને આવેલા નટવર હેડાઉ સતત નવા કાર્યક્રમ આપી રહ્યા છે. આ વખતની સાહિત્યસભાની બેઠક એટલે ખાસ બની રહી કે એમાં એક-બે નહીં પણ પૂરા બાર ખ્યાતનામ કવિઓએ મહેફિલ સજાવી હતી.

આ સાહિત્યસભામાં રાજકોટની સાહિત્યકાર બેલડી દીપક ત્રિવેદી અને હર્ષિદા ત્રિવેદીના કાવ્યસંગ્રહો 'ધત તેરે કી' અને 'ઝાકળની હેલી'નું લોકાર્પણ સાહિત્યકાર અને લોકપ્રિય કવિ ભાગ્યેશ જહા, સાહિત્યસભાના અધ્યક્ષ નટવર હેડાઉ, ઉપાધ્યક્ષ સંજય થોરાત અને પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજનાં પ્રિન્સિપાલ ડૉ. ઉર્મિલા ચૌધરીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ એટલે પધારેલા કવિઓ. ગાંધીનગરના કવિ ભાગ્યેશ જહા, કિશોર જીકાદરા, રમેશ ઠક્કર, ડૉ. મુકેશ જોષી અને અમદાવાદથી અનિલ ચાવડા, ભાવિન ગોપાણી, તેજસ દવે, ભાવેશ ભટ્ટ અને શૈલેષ પંડ્યા આ મહેફિલમાં પધાર્યા હતા. રાજકોટના કવિ દીપક ત્રિવેદી, હર્ષિદા ત્રિવેદી અને પારસ હેમાણી પણ આ કવિ સંમેલનમાં સાજેદાર હતાં. આ બારેય કવિઓએ એક-એકથી ચડિયાતી રચનાઓ પ્રસ્તુત કરી ભરપૂર જ્ઞાન મેળવી હતી.

સમગ્ર કાર્યક્રમનું રસાળ સંચાલન સાહિત્યસભાના મંત્રી કલ્પેશ પટેલે કર્યું હતું. ગુજરાત પ્રેસ અકાદમીના સચિવ પુલક ત્રિવેદીના સહયોગથી અને સાહિત્યસભાના આમંત્રણને માન આપી આ પ્રખ્યાત કવિઓ ખાસ પધાર્યા હતા. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા સહમંત્રી ભીખુ કવિ, રમણલાલ શ્રીમાળી અને મહેન્દ્ર રાઠોડે અનન્ય સહયોગ આપ્યો હતો.

ઉલ્લેખનીય છે કે ગાંધીનગર સાહિત્યસભા એક બાદ એક સુંદર અને લોકપ્રિય કાર્યક્રમો આપીને પોતાની સાહિત્ય પ્રત્યેની કટીબદ્ધતા સાબિત કરી રહી છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના સંયુકત ઉપક્રમે

શાળા - કોલેજોમાં શિક્ષકદિનની ઉજવણી

બી. સી. એ. કોલેજે યજમાન કોલેજ તરીકે આ આયોજનની જવાબદારી ઉપાડી

ગાંધીનગર, તા. ૧૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શાળા, કોલેજોમાં તા. ૫ સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ શિક્ષકદિન ઉજવાઈ ગયો. આ દિવસે કુલ ૧૬૪૩ વિદ્યાર્થીઓએ શિક્ષક તરીકેની જવાબદારી નિભાવી અને લગભગ ૫૦ જેટલા વિદ્યાર્થીઓએ પ્રિન્સિપાલ, એચ.ઓ.ડી. કે ડાયરેક્ટરનો કાર્યભાર વહન કર્યો. આજની યુવા પેઢી શિક્ષકોનું અને તેમના કાર્યોનું મહત્વ સમજે અને શિક્ષકની જવાબદારી નિભાવ્યાનો અનુભવ ભવિષ્યમાં સમાજ માટે કરે તેવા ઉમદા હેતુથી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના સંયુકત ઉપક્રમે તા. ૮/૯/૨૦૧૭ના રોજ એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં તમામ વિદ્યાર્થી-શિક્ષકો અને વિદ્યાર્થી-પ્રિન્સિપાલશ્રીઓને બિરદાવવામાં આવ્યા હતા. ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ – બી.સી.એ. કોલેજે યજમાન કોલેજ તરીકે આ આયોજનની જવાબદારી ઉપાડી હતી.

આ કાર્યક્રમમાં કુલ પાંચ વિદ્યાર્થી પ્રિન્સીપાલે ખૂબ જ સુંદર વક્તવ્ય આપ્યું હતું જે ખરેખર અભિનંદનને પાત્ર છે. આ પાંચ વિદ્યાર્થીઓમાં રબારી બીનલ , રક્ષિત પાવાગઢી, ચાહના દવે, ખ્યાતી પ્રજાપતિ અને એન.આનંદ મેનનનો સમાવેશ થાય છે આ કાર્યક્રમમાં મહાનુભાવોના વરદ્ હસ્તે વિવિધ સ્કૂલ, કોલેજના શ્રેષ્ઠ શિક્ષક બનેલા વિદ્યાર્થીઓને ટ્રોફી અને પ્રમાણપત્રો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. અને દરેક અન્ય શિક્ષકને સર્ટીફીકેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ હતા. શિક્ષકની સાથે સાથે કેટલાક વિદ્યાર્થીઓએ બિન શૈક્ષણિક કર્મચારીની ફરજો પણ નિભાવી હતી જેમાં કારકુન, ગ્રંથપાલ કે સેવકભાઈનો સમાવેશ થાય છે.

કાર્યક્રમમાં સંસ્થાના હોદ્દેદાર ડૉ. કનુભાઈ પટેલ, વલ્લભભાઈ પટેલ અને પ્રો. ડી. ટી. કાપડિયાએ ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને પોતાના વક્તવ્યો દ્વારા ઉત્સાહિત કર્યા હતા. યુનિવર્સીટી ડાયરેક્ટરે ગીતાના સંદર્ભ સાથે શિક્ષકનું મહત્વ સમજાવ્યું હતું અને સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ પટેલે તમામ વિદ્યાર્થી શિક્ષકોને અને પ્રિન્સીપાલને અભિનંદન આપી તેમના કાર્યની સરાહના કરી હતી. પ્રેસિડેન્શિયલ અડ્રેસ સંસ્થાના પ્રમુખ ડૉ.કનુભાઈ પટેલે આપ્યું હતું. યજમાન કોલેજના ડાયરેક્ટર ડૉ.સંજયભાઈ શાહે આભાર વિધિ કરી હતી. તેઓએ જણાવ્યું હતું કે કોઈપણ નાનામાં નાના કામ માટે તમે જેને પણ આદર્શ માનતા હો તે તમામ તમારા શિક્ષક જ છે. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પ્રો. જૈમીની કુલકર્ણી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે ડૉ. સંજય એમ શાહના માર્ગદર્શન હેઠળ બીસીએ કોલેજના તમામ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફ મિત્રોનો સંપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો હતો.